# દિગ્દર્શક

દિગ્દર્શક એવી વ્યક્તિ છે જે ફિલ્મ બનાવવાની જવાબદારી સંભાળે છે અને કલાકારોને તેમની ભૂમિકા ભજવવા અંગે માર્ગદર્શન આપે છે. તેઓ ફિલ્મની કથા કેવી રીતે આગળ વધારવા માંગે છે તેના પર તેમનું સંપૂર્ણ નિયંત્રણ છે. દિગ્દર્શક, ફિલ્મ સંબંધિત તમામ બાબતોમાં અંતિમ નિર્ણય લે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે જૂથોમાં કામ કરવા માટે સહજ છો
- તમે સર્જનાત્મક લેખનનો આનંદ માણો છો
- તમે ઉપકરણોનો ઉપયોગ કરવામાં માહેર છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪,૫૦૦ થી ૨૩,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. આર્ટ્સમાં સ્નાતક(બી.એ.)ની ડિગ્રી મેળવો. ત્યારબાદ, ફિલ્મમેકિંગમાં ડિપ્લોમા કરો.

**અથવા**

ડિજિટલ ફિલ્મ નિર્માણમાં ફાઈન આર્ટસ સ્નાતક (BFA) / ફિલ્મ નિર્માણ વિજ્ઞાનમાં સ્નાતક (BSc.)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ ફિલ્મ નિર્માણમાં ફાઈન આર્ટ્સમાં અનુસ્નાતક(MFA)ની ડિગ્રી મેળવો.

**અથવા**

ડિજિટલ ફિલ્મ નિર્માણમાં ફાઈન આર્ટસ સ્નાતક (BFA)/ ફિલ્મ નિર્માણ વિજ્ઞાનમાં સ્નાતક (BSc.)ની ડિગ્રી મેળવો અને ત્યારબાદ ફિલ્મ નિર્માણમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

દિગ્દર્શકનું અંદાજીત માસિક વેતન **રૂ. ૪૫,૮૩૩ થી ૩,૩૩,૩૩૩*** જેટલું હોય છે.

સ્રોત : https://in.talent.com/salary?job=director

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મીડિયા અને મનોરંજન કંપનીઓ, પ્રોડક્શન હાઉસ અને ફિલ્મ નિર્માણ એજન્સીઓ/સંસ્થાઓ/સ્ટુડિયો વગેર.

**ઉદ્યોગ સાહસિકતા :** એકવખત આ ક્ષેત્રમાં સફળ થયા પછી તમે તમારું પોતાનું પ્રોડક્શન હાઉસ શરૂ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે કેટલીકવાર બહાર કામ કરવું પડે છે, અથવા તમે કામ કરતા પ્રોડક્શન હાઉસના આધારે તમે ઓફિસ કે સ્ટુડિયોમાંપણ કામ કરી શકો છો. કામના કલાકો શિફ્ટ મુજબ હોઈ શકે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

સહાયક દિગ્દર્શક (નાટ્ય)→ દિગ્દર્શક (નાટ્ય)

**અથવા**

નિર્માતા → સહાયક દિગ્દર્શક (નાટ્ય)→ દિગ્દર્શક (નાટ્ય)

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મીડિયા અને ફિલ્મ સ્ટડીઝ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયા, પુણે
૨. સત્યજીત રે ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, કોલકાતા
૩. કોલકાતા ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, કોલકાતા
૪. બિજુ પટનાયક ફિલ્મ અને ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, કટક
૫. ડો ભૂપેન હજારિકા રીજીયોનલ ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઇન્સ્ટિટ્યુટ, ચાંગસારી
૬. જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા
૭. એમ.એસ.યુ., વડોદરા
૮. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઓફ લીબરલ આર્ટસ એન્ડ માસ કૉમ્યુનિકેશન, અમદાવાદ
૨. એશિયન એકેડમી ઓફ ફિલ્મ એન્ડ ટેલિવિઝન, દિલ્હી
૩. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૪. ટેકનો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા
૫. સી.એમ.આર. યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૭. સિંઘાનિયા યુનિવર્સિટી, ઝુંઝુનુ
૮. એમિટી યુનિવર્સિટી, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: એથનોગ્રાફિક ફિલ્મમેકિંગ પર કોર્સ https://onlinecourses.swayam2.ac.in/cec22_ge13/preview

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફિલ્મ ડિરેક્ટર, સ્ટેજ ડિરેક્ટર, સ્ટુડિયો ડિરેક્ટર

## સાફલ્ય ગાથા

**ઝોયા અખ્તર** દેશના સૌથી જાણીતા દિગ્દર્શકો પૈકીના એક છે. તેમણે મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી. તેણી ન્યુ યોર્ક યુનિવર્સિટીની ટીશ સ્કૂલમાં પણ જોડાઈ અને ફિલ્મ નિર્માણમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. તેણીએ 'લક બાય ચાન્સ', 'દિલ ધડકને દો', 'ગલી બોય' જેવી પ્રસંશા પામેલી ફિલ્મોનું નિર્દેશન કર્યું છે. તેઓ રીમા કીતગી સાથે ટાઈગર બેબી નામની ફિલ્મ નિર્માણ કંપની ધરાવે છે.*

સ્રોત : https://www.mansworldindia.com/entertainment/cinema/baby-tigress-zoya-akhtar-tasteful-cerebral-urban-film-maker/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.